જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૧/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૮	૦	૧૨૮	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૧૩૨૭	૧૩૭	૮૧૪૬૪	૮૨૩૫૨	૧૩૨	૮૨૪૮૪
કુલ		૯૭૯૨૬	૧૩૭	૯૮૦૬૩	૧૦૬૮૮૧	૧૩૨	૧૦૭૦૧૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯	૨,૮૭,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૭૨	૬,૭૨,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

નારોલ પો.સ્ટે.ના ગંભીર ગુનાના વોન્ટેડ આરોપીને છરી સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરતી શાહપુર પોલીસ સ્ટેશનની ટીમ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૧ સાહેબ તથા DCP ઝોન-૦૨ શ્રી વિજય પટેલ સાહેબ તથા I/c ACP શ્રી “C” ડિવિઝન સાહેબ નાઓ તરફથી પો.સ્ટે વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ પોલીસ સ્ટેશન વિસ્તારમા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય અને શાહપુર પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી આર.એચ.વાળા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ શ્રી એસ.આર.બલાત તેમની સર્વેલંસ સ્કોર્ડની ટીમ સાથે પો.સ્ટેશન વિસ્તારમા સઘન પેટ્રોલીંગ મા ફરતા હતા દરમ્યાન જે.પી.ચોક આવતા સાથેના અ.હે.કો નૌશાદઅલી ઉસ્માનમીયા તથા પો.કો અક્ષયકુમાર દશરથલાલ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે લાલ કલરનો ચોકડી વાળો શર્ટ પહેરેલ ઈસમ ખાનપુર પારસી જીમખાના પાસે તીક્ષ્ણ છરી સાથે ગુનો કરવાના ઈરાદાથી ઉભેલ હોવાની હકીકત મળતા પોલીસ સ્ટાફના માણસો સાથે હકીકત વાળી જગ્યાએ આવતા ઉપરોક્ત વર્ણનવાળો ઈસમ મળી આવતા જેનુ નામઠામ પુછતા અબ્દુલ કાદીર સ/ઓ અબ્દુલ હક્ક છીપા ઉ.વ.૩૪ ધંધો.મજુરી રહે.૧૪૮૦, સુબેખાનની ચાલી, પેરીસ હોટેલની ગલી, પથ્થરકુવા પેટ્રોલ પંપની પાછળ, કારંજ, અમદાવાદ શહેરનાનુ હોવાનુ જણાવતા સદરી ઈસમની અંગજડતી કરતા સદરીના પેંટના ખીસ્સામા એક તીક્ષ્ણ અણીદાર છરી મળી આવતા જે છરી રાખવા બાબતે આધાર પુરાવો માંગતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી મજકુર વિરુધ્ધ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરવા બદલ શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ-બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૨૦૧૦૮/૨૦૨૨ જી.પી.એકટ ક.૧૩૫ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી મજકુરની પુછપરછ કરતા આશેર દોઢેક માસ પહેલા રાત્રીના સમયે પોતાના બનેવી ઈકલાબ ઉર્ફે શાહરુખ તથા બીજા બે સાગરીતો સાથે મળી નારોલ ચાર રસ્તા પેટ્રોલ પંપ પાસે છરી વડે કદીરખાન પઠાણ વિગેરે માણસો સાથે ઝઘડો થતા હુમલો કરી કદીરખાન પઠાણ ને ગંભીર ઈજાઓ કરી નાસતો ફરતો હોવાનું જણાવેલ. જેથી આજરોજ નારોલ પોલીસ સ્ટેશનમા પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૯૬૨/૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૬, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ વિગેરે મુજબ ગુનામાં વોન્ટેડ આરોપીને છરી સાથે પકડી પાડી શાહપુર પોલીસ સ્ટેશનની સર્વેલંસ ટીમે પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૩૦/૦૧/૨૦૨૨

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) શ્રી આર.એચ.વાળા સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર માર્ગદર્શન અને સુચના
(૨) પો.સ.ઈ. શ્રી એસ.આર.બલાત (૩) મ.સ.ઈ. રણજીતસિંહ તખતસિંહ (૪) અ.હે.કો નૌશાદઅલી ઉસ્માનમીયા બ.નં.૯૬૪૩ (૫) પો.કો. અક્ષયકુમાર દશરથલાલ (૬) પો.કો વિજયકુમાર બાબુલાલ (૭) પો.કો. વનરાજ ભરતભાઇ (૮) પો.કો. પ્રીયવદન મનુભાઈ (૯) પો.કો. કૃષ્ણસિંહ ભરતસિંહ (૧૦) પો.કો કિરણસિંહ પ્રવીણસિંહ (૧૧) પો.કો પ્રવીણસિંહ દેવેંદ્રસિંહ (૧૨) પો.કો જયેશભાઈ જયરામભાઈ (૧૩) પો.કો યુનુસખાન મુનાવરખાન (૧૪) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ (૧૫) પો.કો જીગ્નેશભાઈ ભવાનભાઈ (૧૬) પો.કો. ઈશ્વરભાઈ માલસુરભાઈ

આરોપી:

અબ્દુલ કાદીર સ/ઓ અબ્દુલ હક્ક છીપા ઉ.વ.૩૪ ધંધો.મજુરી રહે.૧૪૮૦, સુબેખાનની ચાલી, પેરીસ હોટેલની ગલી, પથ્થરકુવા પેટ્રોલ પંપની પાછળ, કારંજ, અમદાવાદ શહેર



પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ ઈન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર પી.એ.વળવી નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે ભગીરથ ઉર્ફે બન્ટી સ/ઓફ ભીખાભાઈ જાતે પ્રજાપતિ ઉ.વ.૩૦ રહે.મ.નં.૭૧ ન્યુ ગાયત્રીનગર સોસાયટી, અંબિકાનગર સોસાયટીની પાસે, ડમરૂ સર્કલ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૧૯૨૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૮૧, ૧૧૬(બી) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૦૭૫/૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ તથા નં.(૩) અમરાઈવાડી પો.સ્ટે પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૪૨૧૧૬૩૬/૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૯૩/૨૦૨૨ તા.૩૦/૦૧/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "જીલ્લા જેલ-ભરૂચ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૩૦/૦૧/૨૦૨૨ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ-ભરૂચ" ખાતે મોકલી આપેલ છે.તા.૩૦/૦૧/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૨૯૩ લીટર દેશી દારૂ, ૧૭૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૪૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

પૈસા/વાહન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૦૪/૨૦૨૨**

રાણીપઃ કિશનલાલ ધર્માજી સુથાર (ઉ.વ.૪૯) (રહે. લક્ષ્મીનગર નર્સરી મોટેરા) તા.૩૦/૦૧/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રાણીપ સુભાષબ્રિજ મેટ્રોપોલ હોટલ સુભાષબ્રીજ નજીકથી જ્યુપીટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષોએ કિશનલાલ સુથારને ઉભા રાખી જ્યુપીટર સાઈડમા કરાવી કિશનલાલ સુથારના એક્ટીવાથી અકસ્માત થયાનુ જણાવી કિશનલાલના ખિસામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ઝુટવી લઈ તેમજ જ્યુપીટર લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિશનલાલ સુથારે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૫/૨૦૨૨**

અમરાઇવાડીઃ જયવિરસિહ સ/ઓ વિજયસિહ દયાલ (ઉ.વ.૩૮) (રહે.શ્રીનાથનગર મેટ્રો પિલ્લર નં.૬૩ સામે ભીલવાડા અમરાઇવાડી) તા.૨૨/૦૧/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લાઈટરથી ગેસની સગડી સળગાવતા ભડકો થતા ગેસનો બોટલો ફાટતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૧/૨૦૨૨ કલાક ૧૦/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગૌસ્વામી ચલાવે છે.

પાંચમાં માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૬/૨૦૨૨**

વટવા જી.આઇ.ડી.સીઃ વિંઝોલ એસ.પી.રીંગ રોડ સત્સંગ રેસીડેન્સી ખાતે રહેતા જીતેન્દ્રભાઇ સુધાકરભાઇ ગાયકવાડની સાત વર્ષની પુત્રી ફાલ્ગુની તા.૨૯/૦૧/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા પાંચમા માળની ગેલેરીમાથી નીચે પડી જતા ગંભીર થતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.રાઠોડ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૭/૨૦૨૨**

ચાંદખેડાઃ ચાંદખેડા સી.બી.ડી. મોલની નવી બનતી સાઈટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા નિંબારામ ભેમારામ ગજેરા (ઉ.વ.૩૫) (મુળ વતન. લાપુંદ્રા બારડાન લાપુંદ્રા તરણી બાડમેર રાજસ્થાન) તા.૩૦/૦૧/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા સાઈટ ઉપર કામ કરતા હતા ત્યારે સાઈટના "એમ" વિંગના ગ્રાઉન્ડ ફ્લોર થી બેજમેન્ટમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિક લાભશંકર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૮/૨૦૨૨**

નરોડાઃ ભરત લીલાભાઈ વાઘ (ઉ.વ.૩૦) (રહે. સિધ્ધાર્થ સમન્વય-૧ રોઝીસ ગાર્ડ પાછળ જુરી છણી વડોદરા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૨ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે નરોડા ગણેશ એપાર્ટમેન્ટ નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો. શ્રી અજીતસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.